પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૭૫ | ૨૬ મે, ૨૦૨૨, ગુરૂવાર; વૈશાખ વદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

## ટેરર ફંડિંગ કેસમાં યાસીન મલિકને આજીવન કેદ

**ટેરર ફંડિંગ કેસમાં યાસીનને ફાંસીની એનઆઈની માગ ફગાવાઈ : યુએપીએની કલમ ૧૮ હેઠળ ૧૦ વર્ષની સજા ફટકારવામાં આવી, યાસીનના સમર્થકોનો સુરક્ષા દળો પર પથ્થરમારો, શ્રીનગરમાં મોબાઈલ ઈન્ટરનેટ બંધ કરી દેવામાં આવ્યું**



નવીદ દિલ્હી,તા.૨૫

કાશ્મીરી અલગતાવાદી નેતા યાસીન મલિકને ટેરર ફંડિંગ કેસમાં આઈપીસીની ૧૨૧ હેઠળ આજીવન કેદની સજા ફટકારવામાં આવી હતી. યાસીન મલિકને યુએપીએની કલમ ૧૮ હેઠળ ૧૦ વર્ષની સજા ફટકારવામાં આવી છે. યાસીન મલિકના તમામ સજા એકસાથે ચાલશે. જો કે એનઆઈએ દ્વારા ફાંસીની માગણી કરવામાં આવી હતી. દરમિયાન શ્રીનગરના મૈસુમામાં વિરોધ પ્રદર્શન થઈ રહ્યા છે. યાસીન મલિકના સમર્થકો સુરક્ષા દળો પર પથ્થરમારો કરી રહ્યા છે. શ્રીનગરમાં મોબાઈલ ઈન્ટરનેટ બંધ કરી દેવામાં આવ્યું છે.

જમ્મુ અને કાશ્મીર લિબરેશન ફ્રન્ટના વડા મલિકે આતંકવાદી ભંડોળના કેસમાં તમામ આરોપો સ્વીકાર્યા હતા, જેમાં ગેરકાનૂની પ્રવૃત્તિઓ નિવારણ અધિનિયમ (યુએપીએ) હેઠળના આરોપોનો સમાવેશ થાય છે. દરમિયાન, કેસની તપાસ કરી રહેલી એનઆઈએએ યાસીન મલિકને ફાંસીની સજાની માગ કરી હતી. દિલ્હીની વિશેષ

● અનુસંધાન પાન-૭ પર

## કપિલ સિબ્બલે કોંગ્રેસ છોડી, સપાના ટેકાથી રાજ્યસભાનું ફોર્મ ભર્યું

**કોંગ્રેસને વધુ એક જોરદાર ફટકો : ૧૬મેએ કોંગ્રેસ પાર્ટીમાંથી રાજીનામું આપી દીધું, અપક્ષ ઉમેદવાર તરીકે સમાજવાદી પાર્ટીની મદદથી ફરી એકવખત યુપીથી રાજ્યસભામાં જશે**

નવી દિલ્હી,તા.૨૫

દિગ્ગજ નેતા રહેલા કપિલ સિબ્બલે કોંગ્રેસ પાર્ટી છોડી દીધી છે. કોંગ્રેસના જી-૨૩ ગ્રુપના સભ્ય રહેલા સિબ્બલે ચૂપચાપ કોંગ્રેસ છોડી દીધી. સિબ્બલે પોતે કોંગ્રેસ છોડી દીધી હોવાની જાહેરાત આજે પોતે કરી હતી. સિબ્બલે તો ગાંધી પરિવારને કોંગ્રેસમાંથી હટવા અને નવા નેતૃત્વ માટે માર્ગ ખુલ્લો કરવાની માગ કરી હતી. તેમના આ સ્ટેટમેન્ટ પછી અશોક ગેહલોતે તેમના પર નિશાન સાધ્યું હતું. હવે સિબ્બલે કોંગ્રેસ સાથે છેડો ફાડી નાખી અલગ રસ્તો પકડી લીધો છે. જોકે, તેમણે કહ્યું કે, કોંગ્રેસ સાથેનો ૩૧ વર્ષનો સાથ છોડવો સરળ ન હતું. તેઓ હાલ સમાજવાદી પાર્ટીના સમર્થનથી રાજ્યસભામાં જઈ રહ્યા છે. જોકે, તેઓ ઔપચારિક રીતે સમાજવાદી પાર્ટીમાં જોડાયા નથી. સમાજવાદી પાર્ટીના નેતા આઝમ ખાને તાજેતરમાં જ સિબ્બલની ભારે પ્રશંસા કરી હતી. ત્યારથી અટકળો લગાવાઈ રહી હતી કે,



પાર્ટી તેમને રાજ્યસભાની ટિકિટ આપી શકે છે.

કપિલ સિબ્બલે આજે લખનૌમાં રાજ્યસભા ઉમેદવારનું નોમિનેશન ફોર્મ ભર્યા પછી કહ્યું કે, તેમણે ૧૬મેએ કોંગ્રેસ પાર્ટીમાંથી રાજીનામું આપી દીધું હતું. તેમણે કહ્યું કે, અપક્ષ ઉમેદવાર તરીકે તેઓ સમાજવાદી પાર્ટીની મદદથી ફરી એકવખત યુપીથી રાજ્યસભા જઈ રહ્યા છે.

## ચોમાસુ કેરળ પહોંચ્યા બાદ મંદ પડ્યું

**દેશમાં પ્રવેશ પૂર્વે જ મોનસૂન નબળું પડી ગયું : વરસાદમાં વિલંબની વકી : અરબ સાગરની ચોમાસાની બ્રાન્ચ ૩૦-૩૧ મેની આસપાસ એક્ટિવ બને તેવી સંભાવના, ચોમાસુ ગુજરાત સુધી ૧૫ જૂનની આસપાસ પહોંચી શકે છે**

પુણે,તા.૨૫

હવામાન શાસ્ત્રીઓના જણાવ્યા અનુસાર, દેશમાં પ્રવેશતા પૂર્વે જ ચોમાસું (મોનસૂન ૨૦૨૨) નબળું પડી ગયું હોવાના અણસાર છે. ભારતીય હવામાન વિભાગે એવી આગાહી કરી હતી કે ૨૭ મે સુધીમાં ચોમાસું કેરળ પહોંચી જશે, જેમાં ચાર દિવસ વહેલું-મોડું થઈ શકે છે. જોકે, છેલ્લા કેટલાક દિવસોથી ચોમાસાની આગળ વધવાની ગતિ અવરોધાઈ છે. વળી, કેરળ સુધી પહોંચી ગયા બાદ પણ ચોમાસું મંદ પડી શકે છે.

હવામાન ખાતાના એક અધિકારીના જણાવ્યા અનુસાર, હવામાનના મોડેલ્સ એવું જણાવી રહ્યા છે કે કેરળ પહોંચ્યા બાદ દક્ષિણપશ્ચિમમાં બંગાળની ખાડી સુધી પહોંચવામાં ચોમાસું વધુ સમય લઈ શકે છે. સામાન્ય સંજોગોમાં આ બંને જગ્યાએ ચોમાસું એક જ સમયે પહોંચતું હોય છે. જેનો સીધો અર્થ થાય છે

● અનુસંધાન પાન-૭ પર

## જ્ઞાનવાપી મસ્જિદમાં શિવલિંગની પૂજાનો કેસ ફાસ્ટટ્રેક કોર્ટમાં ટ્રાન્સફર

**વારાણસીની સિવિલ કોર્ટમાં નિર્ણય લેવામાં આવ્યો : હવે આ બાબત પર ૩૦મે ના રોજ સુનાવણી કરવામાં આવશે**

નવી દિલ્હી,તા.૨૫

જ્ઞાનવાપી કેસમાં કથિત શિવલિંગની પૂજા કરવાની મંજૂરી માગનારી અરજી ફાસ્ટ ટ્રેક કોર્ટમાં ટ્રાન્સફર કરી દેવામાં આવી છે. આજે વારાણસીના સિવિલ કોર્ટમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. હવે આ બાબત પર ૩૦મે ના રોજ સુનાવણી કરવામાં આવશે. ફાસ્ટ ટ્રેક કોર્ટ કેસમાં મહેન્દ્ર પાંડેને સાંભળશે. વારાણસી જીલ્લા કોર્ટમાં ચાલી રહેલા જ્ઞાનવાપીનો કેસ બીજો છે, જેના પર ૨૬ મે ના રોજ સુનાવણી થશે. સીવિલ જજ સીનિયર ડિવિઝન રવિ કુમારની અદાલતમાં આ અલગ કેસને લઈને મંગળવારે અરજી દાખલ કરવામાં આવી હતી, આ અરજી



વૈશ્વિક વૈદિક સનાતન સંઘની આંતરરાષ્ટ્રીય મહામંત્રી કિરણ સિંહ તરફથી દાખલ કરવામાં આવી હતી. આ અરજીમાં જ્ઞાનવાપી પરિસરમાં હિંદુ પક્ષને આપવા અને જ્ઞાનવાપીમાં તાત્કાલિક પ્રભાવથી પૂજા પાઠ, રાગ ભોગ દર્શનની માંગ કરવામાં આવી હતી. જ્ઞાનવાપી પરિસરમાં મુસલમાનોની એન્ટ્રી પર રોક, જ્ઞાનવાપી પરિસર પૂરી રીતે હિન્દુઓને સોંપવામાં આવે.

## અમેરિકાની સ્કૂલમાં ફાયરિંગમાં ૧૯ છાત્રો સહિત ૨૧નાં મોત

**યુએસની સ્કૂલમાં ફરી એકવાર ફાયરિંગની હચમચાવી દેનારી ઘટના બની : અધિકારીએ જણાવ્યું કે હુમલાખોર શખ્સ જૂનો વિદ્યાર્થી છે, આ ઘટના સૈન એન્ટોનિયોથી ૮૦ કિલોમીટર પશ્ચિમમાં આવેલા નાનકડા વિસ્તાર ઉવાલ્ડેની છે**

ટેક્સાસ,તા.૨૫

અમેરિકાના ટેક્સાસમાં આવેલી એક સ્કૂલમાં ફાયરિંગની હચમચાવી દેનારી ઘટના બની છે. હુમલાખોરે સ્કૂલમાં ઘૂસીને અંધાધૂંધ ફાયરિંગ કર્યું છે, જેમાં ૧૮ નિર્દોષ બાળકોના મોત થઈ ગયા છે. જ્યારે શિક્ષક સહિત ત્રણ સ્ટાફના જીવ પણ ગયા છે.



ટેક્સાસના સીનેટરમાં બનેલી આ ઘટનામાં કુલ ૨૧ લોકો ઘાયલ થયા છે. હુમલાખોરનું પોલીસની જવાબી કાર્યવાહીમાં મોત થઈ ગયું છે. ટેક્સાસના ગવર્નર ગ્રેટ એબોટે પ્રાથમિક સ્કૂલની અંદર થયેલી આ ઘટના અંગે માહિતી આપી છે. તેમણે કહ્યું કે હુમલાખોરની ઉંમર ૧૮ વર્ષ હતી. ટેક્સાસની જે સ્કૂલમાં અંધાધૂંધ ફાયરિંગ કરવામાં આવ્યું તેનું નામ રોબ એલિમેન્ટ્રી સ્કૂલ છે. હુમલાખોર ૧૮ વર્ષના યુવક હતા, જેણે ફાયરિંગ કરીને ૧૮ વર્ષના માસૂમ વિદ્યાર્થિઓનો ભોગ લીધો છે. ટેક્સાસના ગવર્નર ગ્રેટ એબોટના જણાવ્યા પ્રમાણે પોલીસે વળતી કાર્યવાહી કરીને હુમલાખોરને ઠાર કર્યો છે. આ ઘટના અંગે અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ જો બાઈડને ગ્રેટ એબોટ સાથે વાત કરી અને તમામ શક્ય મદદ કરવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો છે. અમેરિકાનના રાષ્ટ્રપ્રમુખે ટેક્સાસની પ્રાથમિક સ્કૂલમાં થયેલા હુમલાની ઘટના અંગે નિંદા વ્યક્ત કરી છે. તેમણે કહ્યું કે એક રાષ્ટ્રના રૂપમાં આપણે પૂછવું પડશે કે ભગવાનના નામે ક્યાં સુધી બંદૂકની લોબી માટે ઉભા હશે અને તેની સામે શું કરી શકીએ? જે માતા-પિતા તેમના બાળકોને ફરી ક્યારેય જોઈ નહીં શકે, તેમના વિશે વિચારવાની જરુર છે. અમેરિકાના રાષ્ટ્રપ્રમુખે કહ્યું કે હવે એક્શન લેવાનો સમય આવી ગયો છે. આપણે એ લોકોને જણાવવાની જરુર છે જેઓ કાયદાની વિરુદ્ધમાં જઈને બંદૂક ઉઠાવે છે, તેમને અમે માફ નહીં કરીએ. પોલીસના એક અધિકારીએ જણાવ્યું કે હુમલાખોર શખ્સ જૂનો વિદ્યાર્થી છે. આ ઘટના સૈન એન્ટોનિયોથી ૮૦ કિલોમીટર પશ્ચિમમાં આવેલા એક નાનકડા વિસ્તાર ઉવાલ્ડેની છે. હુમલાખોર શખ્સે ઘટના પહેલા પોતાની કાર સ્કૂલની બહાર મૂકી હતી. પછી સ્કૂલમાં ઘૂસીને અંધાધૂંધ ફાયરિંગ શરુ કર્યું હતું.

## એલિયાન્ઝ ઈન્સ્યોરન્સને ૬ અબજ ડોલરનો દંડ

**ખોટા રોકાણ કરાવવાના કેસમાં વીમા કંપનીને દંડ : એલિયાન્ઝને તેના યુએસ એસેટ મેનેજમેન્ટ યુનિટમાં કોરોનાની શરૂઆતમાં બહાર આવેલી છેતરપિંડીના કેસને કારણે રૂ. ૪૬,૦૦૦ કરોડથી વધુનો દંડ ફટકારાયો**

નવી દિલ્હી,તા.૨૫

ગ્રાહકોને ગેરમાર્ગે દોરી ખોટા રોકાણ કરાવવાના એક કેસમાં વિશ્વની ટોચની ઈન્સ્યોરન્સ કંપની પર ૬ અબજ ડોલર એટલે કે રૂ. ૪૬,૦૦૦ કરોડનો દંડ ફટકારવામાં આવ્યો છે, જે અત્યાર સુધીના ઈતિહાસમાં કોઈ પણ વીમા કંપનીને થયેલો સૌથી મોટો દંડ છે. યુરોપીયન વીમા અને નાણાકીય સેવા પ્રદાતા એલિયાન્ઝને તેના યુએસ એસેટ મેનેજમેન્ટ યુનિટ (એજીઆઈ યુએસ)માં કોરોના મહામારીની શરૂઆતમાં બહાર આવેલી છેતરપિંડીના કેસને કારણે ૬ અબજ ડોલરથી વધુનો દંડ ફટકારવામાં આવ્યો છે.

આવકની દ્રષ્ટિએ એલિયાન્ઝ વિશ્વની ચોથા ક્રમની સૌથી મોટી અને નેટ પ્રીમિયમની દ્રષ્ટિએ સાતમી અને કુલ એસેટ્સની દ્રષ્ટિએ દુનિયાની સૌથી મોટી કંપની છે. આ એલિયાન્ઝ કંપની ભારતમાં બજાજ કંપની સાથે જોડાણ ધરાવે છે. યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ જસ્ટિસ એન્ડ સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ કમિશન (એસઈસી) સાથેની એલિયાન્ઝ પતાવટને કોર્પોરેટ ઈતિહાસની સૌથી મોટી ડીલ ગણવામાં આવે છે.

એલિયાન્ઝ અને તેના ત્રણ ભૂતપૂર્વ સિનિયર પોર્ટફોલિયો મેનેજર સામે આરોપો ઘડનાર એસઈસીએ જણાવ્યું કે એલિયાન્ઝ એક વ્યાપક સ્તરની છેતરપિંડી યોજના સાથે સંકળાયેલ હતા. તેણે સ્ટ્રક્ચર્ડ આલ્ફા તરીકે ઓળખાતી જટિલ ઓપ્શન્સ ટ્રેડિંગ સ્ટ્રેટજીના ગંભીર મસમોટા નુકસાનના જોખમને છુપાવ્યું હતું.

માર્ચ, ૨૦૨૦ના કોરોના મહામારી સમયના માર્કેટ ક્રેશમાં આ છેતરપિંડીનો પર્દાફાશ થયો હતો. આ માર્કેટ કડાકામાં એલિયાન્ઝે આ સ્ટ્રેટજીમાં અબજો ડોલર ગુમાવ્યા હતા.

## કેન્દ્રીય મંત્રી જેડીયુના આર.સી.પી. સિંહનો ભાજપ તરફ વધતો ઝુકાવ

**એનડીએ સરકારમાં જેડીયુ ક્વોટામાંથી આરસીપીને એકલાને જ કેન્દ્રીય મંત્રી બનાવાયા ત્યારથી નીતીશ કુમાર અને આરસીપી સિંહ વચ્ચેના સંબંધોમાં ખટાશ આવી હતી**

પટણા,તા.૨૫

કેન્દ્રીય મંત્રી રામચંદ્ર પ્રસાદ સિંહ ઉર્ફે આરસીપી સિંહના રાજ્યસભામાં જવા અંગેની અટકળો ચાલી રહી છે. આ બધા વચ્ચે નોકરશાહમાંથી રાજનેતા બનેલા આરસીપી સિંહે પોતાના ટ્વિટર હેન્ડલ પરના બાયોમાં પોતાને મંત્રી, રાજ્યસભા સાંસદ, આઈએએસ, આઈઆરએસ ઉપરાંત જેએનયુના પૂર્વ વિદ્યાર્થી ગણાવ્યા છે. ઉપરાંત તેમના ટ્વિટર હેન્ડલમાંથી મુખ્યમંત્રી નીતિશ કુમાર અને રાષ્ટ્રીય અધ્યક્ષ લલન સિંહની તસવીરો પણ ગાયબ છે. આરસીપી સિંહના ટ્વિટર બેનરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની એક વિશાળ તસવીર છે જેમાં 'આઝાદી કા અમૃત મહોત્સવ' એમ લખેલું છે. ઉલ્લેખનીય છે કે, આરસીપી સિંહનો બીજો કાર્યકાળ આગામી ૭ જુલાઈના રોજ સમાપ્ત થવાનો છે. ઉચ્ચ સદનમાં જદયુની એકલ સીટ માટે નવા નામાંકન માટે પાર્ટી ધારાસભ્યો અને વરિષ્ઠ નેતાઓની એક બેઠક યોજાઈ હતી.

એક અહેવાલ પ્રમાણે ગત વર્ષે ૭ જુલાઈના રોજ કેન્દ્રમાં નરેન્દ્ર મોદીના નેતૃત્વવાળી એનડીએ સરકારમાં જેડીયુ ક્વોટામાંથી આરસીપીને એકલાને જ કેન્દ્રીય મંત્રી બનાવાયા ત્યારથી નીતીશ કુમાર અને આરસીપી સિંહ વચ્ચેના સંબંધોમાં ખટાશ આવી હતી. પટનાના રાજકીય વર્તુળોમાં એવી ચર્ચા ચાલી રહી છે કે, કેન્દ્રીય સ્ટીલ મંત્રી બન્યા બાદ આરસીપીનો ભાજપ તરફનો ઝુકાવ વધ્યો છે.

## હિમાચલની બલજીત કૌરે મહિનામાં ચાર ઊંચા શિખરો સર કરવાનો વિક્રમ કર્યો

**હિમાચલ પ્રદેશની યુવતીની પર્વતારોહણમાં સિદ્ધિ : બલજીતે એક જ મહિનાની અંદર ૮,૦૦૦ મીટરથી ઉંચા ૪ શિખર સર કરવાનો ભારતીય રેકોર્ડ પોતાના નામે કરી દીધો**

શિમલા,તા.૨૫

હિમાચલ પ્રદેશના સોલન ક્ષેત્રના પંજરોલ ગામની બલજીત કૌરે ગત તા. ૨૨ મેના રોજ વિશ્વના સૌથી ઉંચા શિખર માઉન્ટ એવરેસ્ટને સર કર્યો હતો. ત્યાર બાદ બીજા જ દિવસે તેણે વિશ્વના ચોથા સૌથી ઉંચા શિખર માઉન્ટ લાહોત્સેનું ચઢાણ શરૂ કરી દીધું હતું અને તેના પર વિજય પતાકા લહેરાવી હતી.



આ સાથે જ બલજીતે એક જ મહિનાની અંદર ૮,૦૦૦ મીટરથી ઉંચા ૪ શિખર સર કરવાનો ભારતીય રેકોર્ડ પોતાના નામે કરી દીધો છે. બલજીતના પિતા અમરીક સિંહ હિમાચલ પ્રદેશમાં રાજ્ય સડક પરિવહન નિગમમાં ચાલક છે. તેના માતા શાંતિદેવીએ જણાવ્યું કે, બલજીતને બાળપણથી જ પહાડો પર ચઢવાનો શોખ હતો.

